જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૭/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૯૩/૧૪</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી ૧૧૪ લીટર દેશી દારૂ અને ૦૨ બિયર ટીન કબજે કરી હતી.તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫૮,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૯૪/૧૪</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૯૫/૧૪</u>**

તા.૨૧/૭/૧૪ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૧૨,૨૦૬ કરી માંડવાળ પેટે રૂપિયા ૬,૬૨,૦૫૦/- વસુલ કર્યા છે. આ પૈકી ૯૨ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૨૨૬ વાહનો ટો કરી રૂપિયા ૧૩,૦૦૦/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૩૭ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૦૮ આઈ.પી.સી.૨૭૯ મુજબ ૦૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૫૭૩૦ કેસ કરી રૂપિયા ૨,૮૬,૪૫૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૪ થી તા.૨૧/૭/૧૪ સુધીમાં કુલ ૧૮,૧૯,૫૩૪ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૩૩,૨૯,૨૨૫/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

**<u>ખુનની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૯૬/૧૪</u>**

**શહેરકોટડા :** કૃણાલસિંહ ઉર્ફે સન્ની અજીતસિંહ ડાભી (રહે.કૃષ્ણ ચાલી, નરોડા ફાયરબ્રિગેડ સામે, વિજયમીલની બાજુમાં, નરોડા રોડ) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજરોજ તા.૨૨/૭/૧૪ સવારના ૮/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે આરોપી પિતા અજીતસિંહ જીલુજી ડાભીનાઓ કોઇ કામધંધો કરતાં નહોઇ તેમનો કૃણાલસિંહની માતા સાથે આ બાબતે ઝઘડો તકરાર થતાં કૃણાલસિંહનાં પિતા અજીતસિંહએ ઉશ્કેરાઇ જઇ કૃણાલસિંહની માતા જશીબહેન (ઉ.વ.૩૮) નાં માથામાં લોખંડનો દસ્તો મારી, ગંભીર ઇજા પહોંચાડી તેમનું મોત નિપજાવી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.જી.ભટ્ટ ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૭/૧૪**

**ઘાટલોડીયા :** ઘાટલોડીયા વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષની યુવતીએ તા.૨૧/૭/૧૪ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધવી છે કે આરોપી નિખિલભાઇ ભરતભાઇ પટેલ (રહે.ઇન્દ્ર એપાર્ટમેન્ટ, ઘાટલોડીયા)એ આ યુવતીને પ્રેમ અને લગ્ન કરવાની લાલચ આપી એક વર્ષ પહેલા યુવતીને અજાણી હોટેલ ઉપર લઇ જઇ યુવતીની મરજી વિરુધ્ધ સંભોગ કર્યો હતો અને તા.૧૫/૭/૧૪ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે યુવતીનાં પોતાનાં અશ્લીલ ફોટો-વિડીયો જાહેર કરી દેશે તેવી ધમકી આપી યુવતીને ઘાટલોડીયા આરતી સોસાયટીનાં નાકેથી મોટર સાયકલ પર બેસાડી ગાંધીનગર ખાતેનાં મિત્રના ઘરે લઇ જઇ તા.૨૧/૭/૧૪ સુધી ગોંધી રાખી યુવતીની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે ભગોરા ચલાવે છે.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૮૯૮/૧૪**

**રામોલ :** ભુપેન્દ્રભાઇ કેશાભાઇ પટેલ (રહે.ગામ: આંબલીયા તા.તારાપુર જી.આણંદ) એ તા.૨૧/૭/૧૪ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માર્ચ/૨૦૧૨ થી તા.૨૦/૧/૧૪ દરમ્યાન આરોપી (૧) મનોજભાઇ કેશાભાઇ પટેલ (રહે.ગામ: પ્રાતીયા જી.અમદાવાદ) (૨) નિલેશભાઇ કનુભાઇ રસાણીયા(રહે. હંસપુરા, દેવાશિષ રેસીડેન્સી નરોડા) અને (૩) યુ.ડી.રાવલ (રહે.ગંગા ટાવર, કામોથ, નવી મુંબઇ) એ ભેગામળી ભુપેન્દ્રભાઇ પટેલ પાસેથી યુ.કે. લંડનનાં વિઝા અપાવવાનાં બહાના કુલ રૂપિયા ૬,૦૦,૦૦૦/- મેળવી લઇ બાદમાં વિઝા નહીં અપાવી ભુપેન્દ્રભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૯/૧૪**

**વટવા :** સંદિપભાઇ રસિકલાલ કુકરીયા (રહે. સોદમ ટેરેસ, વસ્ત્રાપુર બેંક પાસે, સંદેશ પ્રેસ પાસે) એ તા.૨૧/૭/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૭/૧૪ રાત ૮/૦૦ થી તા.૧૭/૭/૧૪ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન રાણીપુર ગામ સર્ચ પાસે એમ.બી એન્ડ સન્સ સ્ત્રી શક્તિ મધ્યાહન ભોજન યોજનાના મકાનની સામે આવેલ પોતાના ગોડાઉનની દિવાલ માં બાકોરૂ પાડીને પેન્ટ નંગ-૫૧૬ કિંમત રૂપિયા ૧,૮૦,૬૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૦૦/૧૪**

**નવરંગપુરા :** પ્રકાશભાઇ ભુરમલભાઇ શર્મા (રહે.કૃષ્ણનગર ટાવર, સૈજપુરબોઘા નરોડા) એ તા.૨૫/૬/૧૪ સવારના ૧૧/૦૦ વાગે નવરંગપુરા જુની હાઇકોર્ટના દરવાજા બહાર પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૭. વી.વી.૩૯૩૨ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ પ્રકાશભાઇ શર્માએ તા.૨૧/૭/૧૪ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.રાઠોડ ચલાવે છે.

**<u>સાઁપ કરડતા મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૦૧/૧૪</u>**

**ઓઢવ :** શંકરભાઇ જેઠાભાઇ કટારા (ઉ.વ.૧૮) (રહે.ગલી નગર, ભરવાડવાસ નિકોલ ગામ, ઓઢવ) તા.૨૦/૭/૧૪ રાતના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સુતા હતા ત્યારે ડાબા હાથની આંગળીએ સાઁપ કરડતાં સારવાર અર્થે તેમને તપન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૦/૭/૧૪ સાંજનાં ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ. શ્રી રાજેન્દ્રકુમાર શિવપ્રસાદ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.